જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૬/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૭૫/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૩૦	૪	૧૧૫૩૪	૧૭૬૪૯	૨	૧૭૬૫૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૦	૨	૯૨	૩૧૭	૧૫	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૬૫૫૯	૨૨૦	૫૬૭૭૯	૫૭૧૯૭	૨૦૪	૫૭૪૦૧
કુલ		૭૨૮૮૭	૨૨૬	૭૩૧૧૩	૮૧૪૦૬	૨૨૧	૮૧૬૨૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૩૬	૩,૪૯,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮૧૬	૧૮,૧૬,૦૦૦/-

વાહન ચોરીના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

પોકેટકોપ મોબાઈલ ફોન આધારે ચોરીના એક્ટીવા સાથે રીઢા આરોપીઓને પકડી પાડતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સાશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રી ઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો સબ ઇન્સ એસ.એસ ચૌધરી તથા એ.એસ.આઇ બિપીનકુમાર હરગોવિનદાસ બ.ન ૮૦૦૮ તથા અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.ન ૫૫૫૯ તથા પો.કો લાખાભાઇ દેહાભાઈ બ.ન ૬૯૩૫ તથા અ.લો.૨ સુંડાભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ તથા અ.લો.૨. કિરણકુમાર રતિકુમાર બ.ન ૧૨૨૨૭ તથા અ.લો.૨ પ્રવિણભાઇ ઇશ્વરભાઇ ૧૨૨૯૫ એ રીતેના તમામ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે રાણીપ પો સ્ટે હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન સેંન્ટ્રલ ત્રણ રસ્તા ખાતે આવતા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.ન ૫૫૫૯ તથા પો.કો લાખાભાઇ દેહાભાઈ બ.ન ૬૯૩૫ નાઓ બન્નેને સયુક્ત અને ખાનગી બાતમી હકીકત આધારે આરોપીઓ નંબર (૦૧) દશરથ ઉર્ફે દશો રમેશભાઇ જાતે ઠાકોર ઉ.વ ૨૧ રહે અંબેમાંના ચોક પાસે ખેંગારજીનો ટેકરો બકરામંડી પાસે રાણીપ અમદાવાદ શહેર તથા નંબર (૦૨) દર્શનભાઇ અશ્વિનભાઇ જાતે સોંની ઉ.વ ૨૩ ધંધો છુટક મજુરી રહે હાલ બ્લોક નં ૧૨ રૂમ નં ૩૦૨ સ્વામીનારાયણ કેસલ વિભાગ- ૦૨ નિર્ણયનગર વાડજ અમદાવાદ શહેર તથા નંબર (૦૩) દિલીપ ઉર્ફે રામ સતેન્દ્રભાઇ જાતે તિવારી ઉ.વ ૨૮ ધંધો વેપાર રહે મ.ન ૧૪૨ વિભાગ-૦૪ કામધેનું સોસાયટી રાણીપ અમદાવાદ શહેર નાઓને આજરોજ તારીખ ૧૭/૦૬/૨૦૨૧ ના કલાક ૧૪/૩૦ વાગે પકડી અટક કરી આરોપીઓ પાસેથી મુદ્દામાલ એક એક્ટીવા જે કાળા કલરનું હોંન્ડા કંપનીનું એક્ટીવા જેની આગળ પાછળ આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર GJ-01-EY-3134 જેનો ચેસીસ નંબર ME4JF504JF7344677 તથા એન્જિન ન JF50E72344786 જેવો લખેલ વંચાય છે જે ચાલુ હાલતનું ચાવી સાથેનું જેની કિ.રૂ.૨૦,૦૦૦/- જેટલી ગણી શકાય તે સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ પંચનામાં વિગતે તપાસ અર્થે કબજે કરી વાડજ પોલીસ સ્ટેશન પાર્ટ 'એ' ગુ.ર.ન ૧૧૧૯૧૦૨૩૨ ૧૦૯૨૮/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ નો ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૭૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૬ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૩૨૯ લીટર દેશી દારૂ, ૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૭૭/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૦૭૮/૨૦૨૧**

નવરંગપુરાઃ રાજુરામ સ/ઓ રઘુનાથ બિસ્નોઇ (ઉ.વ.૩૧) (રહે. આવકાર બંગલો ન્યુ સી.જીરોડ ચાંદખેડા) એ તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૧૨/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી આદિત્ય ફુડસ એન્ડ ડેરીવેટીવ્સના માલીક (૧) અંકીત પવન ગોયલ (૨) અજય પારેખ અને (૩) આદિત્ય (તમામ રહે.૧૧,એલ.એન.પી.એચ.એમ.એચ.રોડ) એ ભેગા મળી નવરંગપુરા આશ્રમ રોડ ખાતે આવેલ સાકાર-૯ ઓફીસ નં-૫૦૯ શ્રી મહાસાગર ઇમ્પેક્ષ પ્રા.લી.કંપની ખાતેથી ચણા કિમત રૂપિયા ૧૪,૬૧,૨૭૫/- ખરીદ કરી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

આનંદનગરઃ સુરેશભાઇ રત્નાભાઇ ચૌહાણ (ઉ.વ.૪૦) (રહે. ગઢેચી વડલા રોડ પ્લોટ નંબર-૩ ભાયણીની વાળી સામે જવાહરનગર ભાવનગર) એ તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૮ થી તા.૧૬/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર શ્યામલ ચાર રસ્તા પાસે સી.સી.ડી કાફે ખાતે આરોપી (૧) દિગ્વીજયસિંહ નટુભા ઝાલા (૨) પ્રતિકરાજસિંહ દિગ્વીજયસિંહ ઝાલા (બન્ને રહે. આર્કસ સ્કાય સીટી સોલા બોપલ (૩) ઉત્તમ પ્રતુલકુમાર શેઠ (રહે. વોટરલીલી અદાણી શાંતીગ્રામ વૈષ્ણોદેવી સર્કલ પાસે અડાલજ ગાંધીનગર) એ ભેગા મળી એસાર કંપનીના રણછોડ પેટ્રોલપંપમાં ભાગીદાર થવાનુ કહીને સુરેશભાઈ ચૌહાણ પાસેથી રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- લઈ પેટ્રોલપંપમાં ભાગીદાર નહી બનાવી પૈસા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એસ.રોય ચલાવે છે.

નિકોલઃ અશ્વિનભાઇ સ/ઓ નનુભાઇ વેકરીયા (ઉ.વ.૨૯) (રહે. સ્વસ્તિકનગર ડાયમંડ મીલ પાસે ઉતમનગર રોડ નિકોલ) એ તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૯/૨૦૨૦ થી તા.૧૫/૧૦/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન નીકોલ નીકોલ-ઓઢવ રોડ ખુશી આર્કેડ સેલ પેટ્રોલ પંપ સામે દુકાન નંબર ૪/૧૨ ખાતે આરોપી ભગવાનભાઇ જયસીહ અને તેમનો પુત્ર આશીષકુમાર ભગવાનભાઇ જયસીહ (રહે. બેરી રોડ જાખર હોસ્પીટલ વોર્ડ નં.૧, હરીયાણા) એ ભેગા મળી ઇન્ડીયા માર્ટ નામની માર્કેટીગ ચેનલ મારફતે એસ.બી.એન્ટરપ્રાઇઝ વાળા ભગવાનભાઇ જયસીહ તથા તેમના પુત્ર આશીષકુમાર શ્રીભગવાનભાઇ જયસીહ નાઓએ ધંધા સબંધે સંપર્ક કરી અશ્વિનભાઈ વેકરીયા પાસેથી પેનસીલ બનાવવાના મશીન તથા રો મટીરીયલ કિમત રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- ખરીદી કરી નાણા નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

ઈસનપુરઃ જીગ્નેશ નવીનચંદ્ર પટેલ (ઉ.વ.૪૨) (રહે. તપોભુમી સોસાયટી અંબે માતાના મંદીરની બાજુમાં વિશાલનગર) એ તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૧ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૬૯૦૧૭૩૫૪૮૯ ના ધારકે જીગ્નેશ પટેલના મોબાઈલ પર ફોન કરી આર.બી.એલ બેન્કમાંથી વાત કરતા હોવાનુ જણાવી જીગ્નેશભાઈને આર.બી.એલ બેન્કનુ ક્રેડીટ કાર્ટ એક્ટીવ કરવાનુ જણાવી પ્રોસેસ કરી જીગ્નેશ પટેલના મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી લઈ જીગ્નેશભાઈ પટેલના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૫૫,૦૭૦/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.સાંખલા ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ નિલમ સ/ઓ નવીનચંદ્ર પટેલ (ઉ.વ.૪૨) (રહે. મધુવન પાર્ક સોસાયટી ગોરના કુવા પાસે હરીપુરા ભાઇપુરા રોડ ખોખરા) એ તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી પ્રણવ પ્રભુદાસ બ્રહ્મભટ્ટ (રહે. બાલાજી વિલા-૨ તપોવન સર્કલ પાસે ટી.પી-.૪૪ એસ.પી.રીંગ રોડ ચાંદખેડા) સને ૨૦૧૮ માહે જાન્યુઆરીમાં વટવા જી.આઇ.ડી.સી પ્લોટ નં.૧૯૦૪ ફૈઝ-૩ એફ-રોડ ઓમ એન્ડીટી લેબોરેટરી ખાતે નિલમ પટેલ પાસે આવી એન.પી.પેકેજીંગ નામની ફેકટરી રૂપિયા ૧,૬૦,૦૦,૦૦૦/- માં વેચાણ આપવાની વાત કરતા નિલમ પટેલે ખરીદ કરવા થયેલ કરાર મુજબ નાણા ચુકવી દીધા હતા તેમજ તેઓને વધારે નાણાંની જરૂરીયાત જણાવી નિલમ પટેલના મિત્રો પાસેથી રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- મેળવી આજદીન સુધી ફેકટરી કે લીધેલ નાણા પરત નહી આપી તેમજ ફેકટરી ત્રીજી વ્યક્તિને વેચાણ આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.ગામેતી ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ ભગવાનગીરી ગણેશગીરી ગોસ્વામી (ઉ.વ.૩૬) (રહે. શિવાલય એપાર્ટમેન્ટ વેજલપુર) એ તા.૧૬/૦૬/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૧ કલાક ૧૧/૫૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૭૭૬૭૭૨૯૧૭ ના ધારકે ભગવાનગીરી ગોસ્વામીના મોબાઈલ પર ફોન કરી આર.બી.એલ બેન્કમાંથી વાત કરતા હોવાનુ જણાવી ભગવાનગીરી ગોસ્વામીને આર.બી.એલ બેન્કનુ ક્રેડીટ કાર્ટ એક્ટીવ કરવાનુ જણાવી પ્રોસેસ કરવાનુ કહી ભગવાનગીરી ગોસ્વામીના મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી લઈ ભગવાનગીરી ગોસ્વામીના ક્રેડીટ કાર્ડમાંથી રૂપિયા ૮૩,૯૮૦/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૦૭૯/૨૦૨૧**

સરખેજઃ કુતુબુદ્દીન અબ્દુલકાદર શેખ (રહે. ધુપેલવાળી પોળ કાલુપુર દરવાજાની અંદર કાલુપુર) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૬/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૧૬/૦૬/૨૦૨૧ કલાક ૬/૧૫ વાગ્યા દરમ્યાન સરખેજ સાણંદ રોડ મમતા કોમ્પલેક્ષની સામે કિરણ મોટર્સની બાજુમા શાંતી કોમ્પલેક્ષ જી-એફ-૬ ખાતે એમ.એચ.એન્ટર પ્રાઇઝ નામની પોતાની દુકાનનુ શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૪૨,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૦૮૦/૨૦૨૧**

કાગડાપીઠઃ બ્રિજેશ શિતલાપ્રસાદ યાદવ (ઉ.વ.૨૯) (રહે. ટંકાર રેસીડેન્સી-૨ પ્લેટેનીયમ માર્કેટ પાસે જયમીન પાર્ક વટવા) તા.૧૫/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ વાગ્યાના સુમારે કાલુપુર રેલવે સ્ટેશન આઉટ ગેટ આગળથી રહેણાંક ખાતે જવા શટલ ઓટો રીક્ષામાં બેઠા હતા ત્યારે રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ ત્રણ પુરૂષોએ બ્રિજેશ યાદવને છરી બતાવી રોકડ રૂપિયા ૭૫૦/-, મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૬,૫૦૦/- તેમજ પાન કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઇવીગ લાઇસન્સ, બેન્ક ઓફ ઇન્ડિયાનુ ATM કાર્ડ સાથેનુ પર્સ કાઢી લઈ લુંટ કરી કાંકરીયા પારસી અગિયારી પાછળ વેદ મંદિરની ગલીમાં ઉતારી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બ્રિજેશ યાદવે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

બીજા માળથી પડી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૮૧/૨૦૨૧**

વટવા જીઆઈડીસીઃ રાજેશભાઈ સબુરભાઈ સોઢા પરમાર (ઉ.વ.૪૦) (રહે.ગામ-ખડાલ તા-કપડવંજ જી-અમદાવાદ) તા.૧૬/૦૬/૨૦૨૧ કલાક ૧૦/૧૫ વાગ્યા પહેલા અનાર કેમિકલ જીઆઈડીસી વટવા ફેઝ-૦૧ ખાતે કંપનીમા બીજા માળે ફેબ્રીકેશનનુ કામ કરતા હતા ત્યારે પતરૂં તુટી જતા બીજા માળથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અનિલભાઇ ગોવિંદભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી